રજૂ તારીખ : ૨૮/૦૨/૨૦૨૬.
દાખલ તારીખ : ૨૮/૦૨/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૬/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૭.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૭૬/૨૦૨૬.**

**અરજદાર :–** **શબીર મોહમદ મલેક,**
રહેવાસી : ફલેટ નંબર : ૧૦૫, અફસાના એપાર્ટમેન્ટ,
બારડોલી, જીલ્લો : સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એ. ડી. બચ્છાવ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, બારડોલી રૂરલ પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૭૦૨૬૦૧૨૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૪) તથા ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–

૧૩૬(૧)(એ)(સી) મુજબના ગુનાના કામે હાલના અરજદારને અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી એ. ડી. બચ્છાવની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૪) તથા ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૬(૧)(એ)(સી) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને અરજદારને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર/આરોપીએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઇ ભાગ ભજવેલ નથી. ચોરીનો કોઇ મુદ્દામાલ હાલના અરજદાર પાસેથી રિકવર કે ડિસ્કવર થયેલ નથી. ફરિયાદમાં અરજદારનું નામ દર્શાવવામાં આવેલ નથી. માત્ર શંકાના આધારે અરજદારને અટક કરવામાં આવેલા છે. સદર કામે મહત્વની પોલિસ તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદાર ડ્રાઇવિંગ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૪) તથા ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૬(૧)(એ)(સી) મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર સામે સહઆરોપી સાથે મળી એલ્યુમિનિયમના વીજ તારની ચોરી કરેલ હોવાનો આક્ષેપ છે. પોલિસ તપાસના કાગળો વંચાણે લેતાં અરજદારે સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ

હોવાનું જણાઈ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૪) તથા ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૬(૧)(એ)(સી) મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદારે સહઆરોપી સાથે મળી મોતા ગામની સીમમાં, ગોકુલમ ફાર્મની સામે આવેલ ગોડાઉનમાંથી એલ્યુમિનિયમના વીજ તાર, કિંમત રૂ.૨,૦૦,૦૦૦/– ની મત્તાની ચોરી કરેલ અને આરોપીઓ મુદ્દામાલ સાથે પકડાઇ જવા પામેલા. આમ, હાલના અરજદાર સામે એલ્યુમિનિયમના વીજ તારો ચોરી કરવા સંબંધેનો આક્ષેપ જણાઈ આવે છે. પોલિસ તપાસના કાગળો વંચાણે લેતાં ચોરીમાં ગયેલ ૧૦૦૦ કિલોગ્રામ વીજતાર પૈકી ૯૭૦ કિલોગ્રામ વીજતાર કબજે કરવામાં આવેલ છે. અરજદાર તારીખ : ૨૫/૦૨/૨૦૨૬ ના રોજથી જયુડિશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓ ધ્યાને લેતાં તેઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. અરજદાર સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાલવાપાત્ર છે અને અરજદાર સામેની ટ્રાયલ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. વળી, ગુનાનો પ્રકાર જોતાં આરોપી પુરાવા સાથે ચેડાં કરે તેમ પણ જણાઈ આવતું નથી. હાલના અરજદાર સુરત જીલ્લાના કાયમી રહેવાસી છે અને ભરૂચ જીલ્લાના મૂળ વતની છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ જણાય છે. તપાસનીશ અધિકારીની એફીડેવીટ વંચાણે લેતાં અરજદાર સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની કોઈ હકીકત જણાઈ આવતી નથી, એટલે કે અરજદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આમ, ઉપરોકત સંજોગોમાં

આરોપીને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઈ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઈ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઈ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર/આરોપી શબીર મોહમદ મલેકની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૧૭૬/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) બારડોલી રૂરલ પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૭૦૨૬૦૧૨૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૫, ૩૩૧(૪) તથા ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટની કલમ-૧૩૬(૧)(એ)(સી) મુજબના ગુનાના કામે આરોપી રૂા.૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-:: શ ર તો ::-**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર સમક્ષ તથા વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદાર/આરોપીએ સદરહુ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

(૫) અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી પાંચ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઇ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારે હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૬ ઠ્ઠી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૬/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594